ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૪ ટકા ● સાંજે ૨૦ ટકા

# શહેરમાં ઈદની સાદગીપૂર્ણ ઉજવણી

## ઈદગાહ અને મસ્જીદોમાં ઈદની ખાસ નમાઝ ન થઈ : મુસ્લિમ બિરાદરોએ ઘરમાં જ રહી ઉદની ઉજવણી કરી : એકબીજાને મળવા જવાનું પણ ટાળ્યું



ગાંધીનગર, તા.૨૫

કોરોનાના કહેર વચ્ચે ગાંધીનગરમાં ઈદની ખૂબ જ સાદાઈથી ઉજવણી કરવામાં આવી. ઈદગાહ અને મસ્જીદમાં નમાઝ અદા ન થઈ. સોશ્યલ ડીસ્ટન્સીંગનું કડક પાલન કરી લોકોએ એકબીજાના ઘરે જવાનું પણ ટાળ્યું.

ઈતિહાસમાં કદાચ પ્રથમ વખત ઈદગાહ અને મસ્જીદોમાં ઈદની નમાઝ અદા થઈ શકી નથી. અગાઉ અનેક કુદરતી અને માનવસર્જીત આપત્તિઓ વખતે જનજીવનને અસર પહોંચી હશે પરંતુ ઈદની નમાઝ અદા ન થઈ હોય તેવું પ્રથમ વખત બન્યું છે. કોરોનાના કહેર વચ્ચે ઈદની ઉજવણીનો ઉત્સાહ ગાયબ હતો. ગાંધીનગર શહેરમાં ઈદની ઉજવણી એકદમ સાદગીપૂર્ણ રીતે થઈ હતી. શહેરના મુસ્લિમ બિરાદરોએ ઘરમાં જ રહીને ઈબાદત કરી હતી.

ઈદ ઉલફીત્ર એટલે કે રમઝાન ઈદમાં એકબીજાના ઘરે જઈ ઈદ મુબારક પાઠવી તેની ઉજવણી કરવામાં આવે છે પરંતુ આ વખતે આવા દશ્યો ગાયબ હતા. સામાજિક અંતરનું ગાંધીનગરમાં ચુસ્તપણે પાલન થતું જોવા મળ્યું હતું. મુસ્લિમ બિરાદરોએ સગા સંબંધીઓ અને પાડીશીઓના ઘરે જવાનું ટાળ્યું હતું. મોટા ભાગે ફોન પર કે વીડિયો કોલ દ્વારા એકબીજાને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. હરવા ફરવાના સ્થળો પણ બંધ હોવાથી લોકોએ ઘરમાં જ રહેવાનું પસંદ કર્યું હતું. ઈદના સમયે ભરચક રહેતા શહેરના બાગ બગીચાઓ અને હરવા ફરવાના સ્થળો એકદમ સુના લાગતા હતા.



# પેથાપુરમાં પ્રથમ હરોળના કોરોના વોરિયર્સ નર્સ ગીતાબેનનું રહીશોએ પુષ્પવર્ષા અને થાળી વગાડી સ્વાગત કર્યું

ગાંધીનગર, તા.૨૫

સમગ્ર દેશમાં અદશ્યમાન એવા કોરોના વાયરસ સામે લડી રહેલા કોરોના વોરિયર્સનું સન્માન આદર પૂર્વક નગરજનો દ્વારા કરવામાં આવી રહ્યું છે. આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતા ગીતાબેન પ્રજાપતિનું ઉમળકાભેર પેથાપુર ખાતે આવેલી મહાલક્ષ્મી – ૧ ફલેટના રહીશો દ્વારા કરવામાં આવ્યું હતું.

અત્યારે કોરોનાની મહામારીના સમયમાં ડૉક્ટરો, નર્સો અને મેડિકલ સ્ટાફને ફ્રન્ટ લાઈન કામ કરતાં કોરોના વોરિયર્સ ગણવામાં આવે છે. અદશ્યમાન કોરોના સામેની લડાઈમાં દિવસ રાત કામ કરતાં ફ્રન્ટ લાઈનના વોરિયર્સ તો કયાંક કયાંક દિવસો સુધી હોસ્પિટલમાં ફરજ બજાવે છે. આવા વોરિયર્સને આજે સમાજના સૌ નાગરિકો સન્માન સાથે સલામ કરી રહ્યાં છે.



ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામની હદમાં મહાલક્ષ્મી- ૧ માં ગીતાબેન પ્રજાપતિ રહે છે. તેઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સ્ટાફ નર્સ તરીકે ફરજ અદા કરે છે. આજે ઘણા લાંબા સમય બાદ પોતાની ફરજ પૂર્ણ કરીને ઘરે આવેલા ગીતાબેનનું સ્વાગત કરવા માટે મહાલક્ષ્મી – ૧ માં રહેતા રહીશો તેમનું સ્વાગત કરવા માટે સોસાયટીના નાકે ઉભા રહી ગયા હતા. કોરોના વાયરસ સામેના પ્રથમ હરોળના લડવૈયા એવા ગીતાબેન સોસાયટીના નાકે આવતાં મોટી ઉંમરની મહિલાઓ આર્શીવાદ આપ્યા હતા. તો સમોવડી ઉંમરની મહિલાઓ અને યુવાનો દ્વારા તેમના પર પુષ્પવર્ષા કરવામાં આવી હતી. તેમજ અનેક મહિલાઓ, યુવાનો અને નાના બાળકોએ થાળી વગાડી તેમનું સ્વાગત કરવા બહાર આવી ગયા હતા.

એક સમય માટે ગીતાબેનને લોકોનો આવો પ્રેમ જોઈને ક્ષણવાર માટે હરખના આસું આવી ગયા હતા. તેમને પોતાની જાત પર આત્મ ગૌરવ અનુભવતા હતા. તેમણે સૌ કોઈ રહીશોનું બે હાથ જોડી અભિવાદન સ્વીકાર્યું હતું.

# ‘જ’ માર્ગ પર ઈગનીશ કાર ઝાડમાં ઘુસી



ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરના વીઆઈપી જ માર્ગ પર સાંજના સુમારે પસાર થઈ રહેલી ઈગનીશ કારના ચાલકે અચાનક કાબુ ગુમાવતા કાર લીમડાના ઝાડમાં ઘુસી ગઈ હતી. અકસ્માતમાં કાર ચાલકને ઈજા પહોંચતા તાત્કાલીક ગાંધીનગર સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. જયારે કારનો આગળના ભાગનો ખુડદો બોલી ગયો હતો.

મળતી વિગત મુજબ અમદાવાદ ગોતા વંદેમાતરમ ખાતે રહેતા લલિતભાઈ ભગવતીલાલ પાલીવાલ (ઉં.૪૮, મુળ રહે. પાલી રાજસ્થાન) તેઓ ગોતાથી પાલી રાજસ્થાન ઘરે જવા માટે કાર નં. આર.જે.૨૭.સી.એચ.-૪૮૧૭ લઈને નીકળ્યા હતા. ત્યારે સાંજના સાડા પાંચ વાગ્યાના અરસામાં ગાંધીનગરના જ માર્ગ પરથી પસાર થઈ રહ્યા હતા. તે સમયે અચાનક કાર પરનો કાબુ ગુમાવતા કાર ધડાકાભેર લીમડાના ઝાડમાં ઘુસી ગઈ હતી. કારનો આગળનો ભાગ ચીરાઈ ગયો છે. અકસ્માતને પગલે અન્ય વાહન ચાલકો પણ એકઠા થઈ ગયા હતા. કાર ચાલકને બહાર નીકાળી ૧૦૮ દ્વારા સારવાર માટે ગાંધીનગર સિવિલ ખસેડાયા હતા. જેમને પગે ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યુ છે.



શંકા-કુશંકાઓ વચ્ચે જનજીવન પુનઃ પાટે ચઢવાનો પ્રયાસ કરી રહ્યું છે. કોરોનાના કારણે દિવસોથી ઘરમાં બંધ રહેલા લોકો હવે ધંધા રોજગાર પર પાછા ફરી રહ્યા છે. સાઈકલ લઈને દુકાને દુકાને ફરતા આ ડિલિવરી બોય શ્રમનું મહત્વ સમજાવી રહ્યો છે. એક તરફ મહામારીનો ડર છે તો એક તરફ પેટની આગ ઠારવાનો પ્રયાસ... બંને છેડાઓને સાચવતો આ સાયકલ સવાર સાચા અર્થમાં ભારતીય શ્રમ વ્યવસ્થાનું ઉદાહરણ પુરું પાડે છે.

# સિવિલમાં બોગસ એડ્રેસ દર્શાવી એડમીટ થતા દર્દીના આધારકાર્ડ ચેક થશે

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગર શહેરમાં પણ કોરોના દર્દીઓનો આંક રોજ વધતો જાય છે. જેને પગલે તંત્ર પણ ચિંતિત નજરે પડી રહ્યું છે. ત્યારે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં કોરોનાનો ટેસ્ટ કરાવવા માટે અમદાવાદથી શંકાસ્પદ નાગરીકો આવતા હોવાનું અને ગાંધીનગરનું ખોટુ સરનામું દર્શાવી રહ્યા છે. જેને પગલે હવે સિવિલ તંત્ર દ્વારા આધારકાર્ડ એડ્રેસ મુજબ ટેસ્ટ કરવામાં આવે તેવી ચર્ચા ચાલી રહી છે.

ગાંધીનગર શહેરમાં કોરોના પોઝીટીવ દર્દી અમદાવાદ કનેકશનને પગલે આવ્યા છે ત્યારે અમદાવાદની તમામ લેબમાં સેમ્પલનો ભરાવો થઈ ગયો છે. ત્યાં કોરોનાના ટેસ્ટીંગ માટે લાંબુ લચક વેઈટીંગ લીસ્ટ ચાલી રહ્યું છે. ત્યારે શંકાસ્પદ દર્દીઓ ઝડપી ટેસ્ટ કરાવવા માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલનો આશરો લઈ રહ્યા છે. જેમાં ગાંધીનગરનું ખોટુ એડ્રેસ દર્શાવવામાં આવે છે. જેથી શહેરમાં આ શંકાસ્પદ દર્દીઓના આવવાથી સંક્રમણની થવાની ભિતી સેવાઈ રહી છે. જેથી શહેર અને જિલ્લામાં લીસ્ટ જાય ત્યારે દર્દીઓ હોતા જ નથી. જેને પગલે તંત્ર પણ ખોરંભે ચડી જાય છે ત્યારે સિવિલ તંત્ર દ્વારા શંકાસ્પદ દર્દીઓના આધારકાર્ડ ચેક કરવામાં આવશે. તેમા જે એડ્રેસ હશે તે પ્રમાણે જ તેના ટેસ્ટ કરવાનું વિચારણા હેઠળ છે.

# નિવૃત્તિ પછી પ્રકૃતિની સેવા કરવામાં પ્રવૃત્ત રાજભવનના નિવૃત્ત સેવક





ગાંધીનગર, તા. ૨૫

નિવૃતિ કોને કહેવાય? જ્યારે તમારે ‘કરવી પડતી’ રોજીંદી પ્રવૃત્તિને બદલે તમે તમને ‘કરવી ગમતી’ સકારાત્મક પ્રવૃત્તિ તમારી મનમરજીથી કરી શકો એનું નામ નિવૃત્તિ. ગાંધીનગર એક કર્મચારી નગર છે અને અહી જે સરકારી કર્મચારી પેન્શન પ્રાપ્ત નોકરી કરીને જ્યારે ફરજ નિવૃત્ત થાય છે ત્યારે મોટે ભાગે તે જીવનમાં બે પાંદડે થયેલો હોય છે અને શેષ જીવન પણ સુખમય વિતાવી શકે તેટલું પેન્શન મેળવતો હોય છે. હવે આ સ્થિતિમાં જ્યારે તમે તમારી નિવૃત્તિ પછીની જિંદગીમાં એવી પ્રવૃત્તિ કરી ના શકો કે જે તમારા રાષ્ટ્ર, માનવ સમાજ કે પ્રકૃતિ જેની પાસેથી તમે આજીવન ઘણુ બધું ગ્રહણ કર્યું છે તેને ઉપયોગી થવાય તો પછી એ નિવૃત્તિ કદાચ સ્વાર્થી નિવૃત્તિ કહેવાશે. પાટનગરમાં રાજભવન ખાતેથી પટાવાળાની નોકરી કરીને નિવૃત થયેલા રસિકભાઈ ડી. વાળંદની નિવૃતિ પછીની પ્રવૃતિ આવું જ કઈક ઉદાહરણ પૂરું પાડે છે.

ગાંધીનગરમાં અનેક એવા કર્મયોગીઓ છે જેઓ નિવૃત્તિ પછી પોતે જીવનભાર મેળવેલા જ્ઞાન, અનુભવ અને આવડતનો ઉપયોગ સમાજ, રાષ્ટ્ર, પ્રકૃતિ કે અન્યને મદદરૂપ થવા માટે કરે છે અને તેના માટે તેઓ આર્થિક ઉપાર્જનની આશા નથી રાખતા હોતા કેમ કે તેમણે જીંદગીભર સરકારી નોકરી કરી પર્યાપ્ત આર્થિક અને સામાજિક સધ્ધરતા પ્રાપ્ત કરી લીધી જ હોય છે. જોકે એવા પણ કર્મયોગીઓ આ શહેરમાં વસે છે જેઓ વર્ગ-૪ કક્ષાની નોકરી કરીને નિવૃત થયા હોય તો પણ પોતાની નિવૃત્તિનો સમય સમાજ, રાષ્ટ્ર, પ્રકૃતિ કે અન્યને મદદરૂપ તવા માટે ફાળવે છે. રાજભવન ખાતેથી પટાવાળા તરીકે ફરજ બજાવી નિવૃત થયેલા અને સેક્ટર-૫માં રહેતા રસિકભાઈ ડી. વાળંદ તેમની નિવૃત્તિના સામનો ઉપયોગ પ્રકૃતિના જતન માટે ઉનાળાની ગરમીમાં બે ટાઈમ રોડ સાઈડના છોડને નિયમીત પાણી પીવડાવવામાં કરે છે. આ સાથે તેઓ અબોલ પશુ-પક્ષીઓ માટે પણ પીવાના પાણીના કુંડા ગોઠવી તેમાં દરરોજ નિયમિત જળ સિંચન કરે છે તેમજ નજીકના બ્રહ્માણી માતાના મંદિરે સ્વચ્છતા જાળવવા તેમનાથી બનતા પ્રયાસો કરે છે.

# ચિલોડા પાસેથી બ્રેઝા ગાડીમાંથી ૧૪ લીટર વિદેશી દારૂ ઝડપાયો

ગાંધીનગર, તા.૨૫

ચિલોડા સર્કલ નજીકથી હિંમતનગર તરફથી આવી રહેલી બ્રેઝા કારમાંથી ૧૪ લીટર વિદેશી દારૂ ચિલોડા પોલીસે પકડી પાડ્યો છે. ચંદ્રાલા નાકા પોઈન્ટ પર વાહન ચેંકીગ દરમિયાન પોલીસે કાર રોકવાનો ઈશારો કર્યો હતો.પરંતુ કાર ચાલકે કાર દોડાવી મુકી હતી.જેથી પોલીસે પીછો કરીને ચિલોડા નાકાબંધી કરાવી જી.જે.૦૧.એચ.ઝેડ.-૦૯૩૩ બ્રેઝા કારને પકડી પાડી હતી. પોલીસે કાર ચેક કરતા કોથળામાંથી વિદેશી દારુ ભરેલી કોથળીઓ મળી આવી હતી.પોલીસે કારમાં સવાર નાગરીકોના નામ પુછતા તેઓ અમદાવાદના ચેનપુરના મિતુલ અશોકભાઈ ગજ્જર (ઉં.૨૪), અને સન્ની કલ્પેશભાઈ રામી (ઉં.૩૦ વર્ષ) હોવાનું જણાવ્યું હતું. વિદેશી દારૂ અંગે પુછતાછ કરતા પોલીસને તેઓએ જણાવ્યું હતું કે હિંમતનગર ખાતેથી અનિલ રાજેન્દ્રકુમાર પંડ્યા નામના શખ્સ પાસેથી ૭૫૦ એમએલની ૧૮ બોટલ લીધી હતી. ત્યારબાદ તેઓએ પ્લાસ્ટીકની કોથળીઓમાં દારુ ઠાલવી દીધો હતો અને કાચની બોટલો ફેંકી દીધી હતી. જેથી ચિલોડા પોલીસે રૂ.૪ લાખની ગાડી, રૂ. ૬ હજારનો દારૂ, ત્રણ મોબાઈલ કિ.૬૫૦૦ મળીને કુલ રૂ.૪,૧૨,૫૦૦ ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પોલીસે ત્રણેય શખ્સો સામે પ્રોહિ એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી હતી.



જીવન જીવવાનો ખરો અર્થ આ દોઢ-બે મહિનામાં જાણે સમગ્ર માનવજાતને સમજાઈ રહ્યો છે. આધુનિક વિજ્ઞાનનો સાથ હોવા છતાં કોરોના નામની મહામારી સામે જાણે આખી માનવજાત ઘુંટણીએ પડી છે. અત્યાધુનિક હથિયારો વિકસાવવાની દોડ જાણે કયાંક અટકી ગઈ છે. હવે તો માત્ર માનવજાતને બચાવવાનો સંઘર્ષ ચાલી રહ્યો છે. રસ્તા પર દોડતી આ એમ્બ્યુલન્સ માનવજીવન બચાવવા માટે કેટલી જદ્દોજહદ કરવી પડી રહી છે તે દર્શાવી રહી છે.



# જૈનાચાર્ય પૂ. વિજય હેમપ્રભ સૂરીશ્વરજીના ૮૮મા જન્મદિનની જપ-તપ-આરાધનાના સંકલ્પો સાથે ઉજવણી કરવા જૈન સંઘનું આહ્વાન

ગાંધીનગર, તા.૨૫

ગાંધીનગરના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના સેક્ટર-૨૨માં જૈન દેરાસર ખાતે ચાતુર્માસ આરાધનાર્થે સ્થિત પૂ. ગચ્છાધિપતિ વિજય હેમપ્રભ સૂરીશ્વરજી આગામી તા. ૨૭મી મે બુધવારે જેઠ સુદ ૫ના રોજ તેમના જીવનના ૮૮મા વર્ષમાં પ્રવેશી રહ્યા છે. તેમના જન્મદિને જૈન સંઘ દ્વારા શહેરના તમામ જૈન શ્રાવકોને તપ-જપ, સ્વાધ્યાય દ્વારા દીર્ઘાયુ સ્વસ્થતાની પ્રાર્થના કરવા આહ્વાન કરવામાં આવ્યું છે.

ગિરનાર જેવા પ્રાચીન તીર્થના ઉદ્ધારક આચાર્ય પૂ. વિજય નીતિસુરિસ્વરજી મ.સા.ના સમુદાયના પરમ શાંતસ્વભાવી, સમતાધારી, નિઃસ્પૃહતાના સ્વામી ગચ્છાધિપતિ આચાર્ય પૂ. વિજય હેમપ્રભ સૂરીશ્વરજી. મ.સા. સપરિવાર હાલમાં ગાંધીનગરના સેક્ટર-૨૨માં જૈન સંઘના આંગણે ચાતુર્માસ આરાધના અર્થે સ્થિત હોવા સાથે તેમનો આગામી વર્ષાવાસ પણ અત્રે નિયત થયેલ છે. જિન શાસનના શણગાર કહેવાતા આ પવિત્ર મહાપુરુષ તેઓના મહામૂલા માનવ ભવના ૮૭ વર્ષ પૂર્ણ કરી, જેઠ સુદ ૫, બુધવાર તા.૨૭.૫.૨૦ના રોજ ૮૮મા વર્ષમાં પ્રવેશ કરી રહ્યા છે. પૂ. ગુરુદેવ દીર્ઘાયુ બને, ખુબજ સ્વસ્થ રહી જિનશાસન પર કરુણા વરસાવી માર્ગદર્શન કરતાં રહે તેવી મંગળ પ્રાર્થના સાથે શહેરના જૈન શ્રાવકોને હાલના કોરોના મહામારીના લોકડાઉનના સંજોગો ધ્યાને લઈને ઉત્કૃષ્ઠ ભાવોથી તપ જપ, આરાધનાના સંકલ્પો લઈ ઉજવણી કરવા જૈન સંઘ દ્વારા આહ્વાન કરવામાં આવ્યું છે. શ્રી જૈન સંઘના તમામ શ્રધ્ધાળુઓને તેમના પોતાના નિવાસ સ્થાને રહીને આ દિવસે સવારે ૮.૦૦.થી ૯.૦૦ અથવા ૯.૦૦થી ૧૦.૦૦ સાથે મળીને સામયિક સાથે નમસ્કાર મહામંત્રની ઓછામાં ઓછી પાંચ માળા ગણવા અને શક્ય હોય તેઓએ આયંબિલ તપ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે. વધુમાં, આ મહાપુરુષના ૮૮મા જન્મદિને જૈન શ્રાવકોને ૮૮ આયંબિલ, સામયિક, ૮૮ નવકારવાળી, ૮૮ કલાક સ્વાધ્યાય, ૮૮ ગાથા, કલાક વાંચન, ૮૮ દિવસ ઉકાળેલું પાણી, ૮૮ દિવસ એકાસણા, ૮૮ બેસણાં, ૮૮ દિવસ રાત્રિભોજન ત્યાગ જેવી શુભ આરાધનાઓ પૈકી જેટલી શક્ય આરાધના હોય તેનો શુભારંભ કરી ગુરુદેવને સમર્પિત કરી શકાય છે તે માટે કરાયેલ સંકલ્પોની વોટ્સએપ પર જાણ કરવા જેથી અન્યને પણ અનુમોદનાનો અવસર મળે તેવી વિનંતી જૈન સંઘ દ્વારા કરવામાં આવી છે. આ સાથે ગુરુદેવના જન્મદિને ઘરે રહીને આયંબિલ તેમજ સામયિક કરનારે વોટ્સએપ પર અથવા શ્રી સંઘના ફોન ૨૩૨૨૯૪૬૦ પર નામ નંબર નોંધાવી જાણ કરવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

## ચિરવિદાય

- સ્વ. સુધાબેન અશોકકુમાર શર્મા, ઉ.વ. ૫૪
- સ્વ. ડાભી ઈન્દુબા ભરતસિંહ, ઉ.વ. ૪૫
- સ્વ. બિહોલા વિજયસિંહ રામાજી, ઉ.વ. ૪૦
- સ્વ. દશરથલાલ અંબાલાલ પંડયા, ઉ.વ. ૭૨
- સ્વ. પંડયા ભાનુપ્રસાદ કાનજીભાઈ, ઉ.વ. ૫૭
- સ્વ. સરોજબેન નિલેશભાઈ રાવળ, ઉ.વ. ૨૫
- સ્વ. ઠાકોર જગાજી શનાજી, ઉ.વ. ૪૭
- સ્વ. વાઘેલા કૈલાશભા પ્રવિણસિંહ, ઉ.વ. ૫૭
- સ્વ. જગદીશભાઈ મંગળભાઈ શર્મા, ઉ.વ. ૭૩